જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૩ /૦૪ / ૨૦૧૮ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૪૧/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૩ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી, ૪૨૪ લીટર દેશી દારૂ, ૧૪૫ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૬,૬૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૪૨/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૬૪૩/૧૮

**ક્રાઇમબ્રાન્ચ :** અનિલભાઇ કનુભાઇ પટેલ (ઉ.વ.૩૫)(રહે,આસ્થા પેલેસ, વૃન્દાવન પાર્ટી પ્લોટ પાસે સોલા) એ તા.૦૨/૦૪/૧૮ નારોજ ક્રાઇમબ્રાન્ચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે જાન્યુઆરી ૨૦૧૨ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) લેલ્વલીન લીંકન રોઝારીયો (રહે.બાલાજી ગ્રીનવેલી, ઝુંડાલ, (૨) લોઇડ જોસેફ રોઝારીયો (રહે.વેસ્ટનપાર્ક થલતેજ) (૩) લેઝલી લીંકન રોઝારીયો (રહે.ગાંધીનગર) અને (૪) કૃણાલરાવ (રહે, સીંગાપોર) ભેગામળી સોલા, સિલ્વર આંક કોલેજ પાસે, ઓમ શાયોના આર્કિડમાં આવેલ મેસર્સ યુનિબીમ સર્વિસ પ્રાલી. કંપનીમાં તેમજ જુદી-જુદી જગ્યાએ અનિલભાઇને વિશ્વાસમાં લઇ, ગુનાહીત કાવતરૂ ઘડી ઇલેક્ટ્રોનીક રેકર્ડ મારફતે બનાવટી દસ્તાવેજો બનાવી, તેનો ખરા તરીકે ઉપયોગ કરી, અનિલભાઇ ને તે દસ્તાવેજ રૂબરૂ તેમજ ઇ-મેઇલ મારફતે મોકલી, તેમની કંપનીઓને આશરે રૂપીયા ૧૧,૦૫,૬૨,૫૧૬/- જેટલુ નુકશાન કરી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી એમ.એચ.શિણોલ ચલાવે છે.

**ખોખરા :** ચિરાગભાઇ નરેન્દ્રભાઇ પટેલ (ઉ.વ.૩૨)(ધંધોઃ નાંણા ધીરનાર)(રહે,ચિરાગ શોપ્સ એન્ડ ફલેટસ સર્વોદયનગર ગેટ નં-૧ ની સામે ખોખરા) એ તા.૦૨/૦૪/૧૮ નારોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૦૩/૨૦૧૮ બપોરના ૧/૩૦ થી ૨/૦૦ વાગ્યા દરમ્યાન આરોપી (૧) નવરોઝભાઇ પીરભાઇ આવડીયા (૨) કરિશ્માબેન વા/ઓફ નવરોઝભાઇ આવડીયા (બંને રહે, ઝેબા પાર્ક સરવરી મસ્જીદ પાછળ આણંદ તાજી.આણંદ અને (૩) શોહેબખાન અમીનખાન પઠાણ (રહે, જુહાપુરા અમદાવાદ) ભેગામળી ચીરાગભાઇની કાયદેસરની લેણી રકમ કુલ રૂપીયા ૩૯,૦૦,૦૦૦/- તેઓને પરત નહિં આપી, તેમની સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એસ.ત્રિવેદી ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૬૪૪/૧૮**

**નારોલ :** સાલેહા વા/ઓ જહીર શીહીદુલ મલંગી (ઉ.વ.૨૦)(રહે,તોહીતપાર્ક, ફતેવાડી ટાવરની બાજુમા જુહાપુરા) એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૦૪/૧૮ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે નારોલ સરખેજ હાઇવે દેવ ફાર્મની સામે જવાના રોડ ઉપર કોઇ અજાણ્યો વાહન ચાલક પોતાના કબ્જાનુ વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી સાલેહા ના પતિ જહીર શીહીદુલ મલંગી(ઉ.વ.૨૩) ઓટોરિક્ષામાં બેઠા હતા તેને ટક્કર મારતા, જહીર ને માથાના ભાગે ગંભીર ઇજાઓ થતાં સારવાર માટે તેમને વા.સા.હોસ્પીટલમા લાવતા ફરજ પરના ડો.શ્રી એ તા.૦૨/૦૪/૧૮ ના કલાક ૦૦/૦૫ વાગે તેમને મૃત જાહેર કર્યા હતા આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જી.બ્રિંદ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૬૪૫/૧૮**

**નરોડા :** લક્ષ્મીબેન ડો/ઓ પ્રતાપભાઇ ચુનારા (ઉ.વ.૨૪)(રહે,ચુનારાવાસ મહાકાળી માતાના મદિર મુઠીયાગામ નરોડા) એ તા.૧/૪/૧૮ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે કેરોસીન છાંટી દાઝી જતા, સારવાર માટે તેમને સિવીલ હોસ્પિટલમાં દાખલ કર્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તા.૨/૪/૧૮ બપોર ના ૧/૦૦ વાગે ફરજ પરના ડૉ.શ્રી એ મૃત જાહેર કર્યા હતા આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જી.કામળીયા ચલાવે છે.

**ઓઢવ :** શ્રીમાનજી ઉર્ફે લલ્લા સ/ઓ શ્રીકૃષ્ણ લોધી(રાજપુત) (ઉ.વ.૨૬)(રહે,આનંદનગર સોસાયટી, શક્તિ કોલોની પાસે અર્બુદાનગર ઓઢવ) એ કોઇ અગમ્ય કારણસર તા.૨/૪/૧૮ સવારના ૬/30 વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે સિલીંગફેન સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રસિહ બળવંતસિહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.